અપીલ અરજી નં.૨૯૦ તા.૪–૧૨–૦૯/૧૦

અરજદારઃ– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર

સામાવાળાઃ– ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (રીક્રુટમેન્ટ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા. ૩–૧૧–૦૯ ની અરજીથી તા.૬–૨–૦૯ ના રોજ અનુભવના પ્રમાણપત્ર વગરના ૧૦૨ ડ્રાઈવરોની પ્રતિક્ષાયાદી મુકવામાં આવેલ છે જેના અનુસંધાનમાં (૧) આપના વિભાગે અનુભવના પ્રમાણપત્રની જગ્યાએ જે પણ લાયકાતને યોગ્ય ગણી હોય તે લાયકાતની માહિતીની નકલ (૨) ૧૦૨ ડ્રાઈવરોની પ્રતિક્ષાયાદીના ડ્રાઈવરોની મીનીમમ હેવી વ્હીકલ લાયસન્સના કેટલા વર્ષ જુનાને યોગ્ય ગણ્યા હોય તેના વર્ષની માહિતીની નકલ (૩) ફીઝીકલ વીઝન તથા પ્રેકટીકલ ટેસ્ટના ગુણ કુલ કેટલા ગુણમાંથી આપવામાં આવ્યા હોય તે કુલ ગુણની નકલ (૪) ૧૦૨ ડ્રાઈવરોની પસંદગીમાં કેટલા ગુણની પ્રાપ્તિ કરી હોય તે ગુણ પ્રાપ્ત કર્યા અંગેની માહિતીની નકલ આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૪–૧૨–૦૯ ની અપીલ અરજી નં.૨૯૦/૨૦૦૯–૧૦

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા. ૩–૧૧–૦૯ ની અરજીથી તા.૬–૨–૦૯ ના રોજ અનુભવના પ્રમાણપત્ર વગરના ૧૦૨ ડ્રાઈવરોની પ્રતિક્ષાયાદી મુકવામાં આવેલ છે જેના અનુસંધાનમાં (૧) આપના વિભાગે અનુભવના પ્રમાણપત્રની જગ્યાએ જે પણ લાયકાતને યોગ્ય ગણી હોય તે લાયકાતની માહિતીની નકલ (૨) ૧૦૨ ડ્રાઈવરોની પ્રતિક્ષાયાદીના ડ્રાઈવરોની મીનીમમ હેવી વ્હીકલ લાયસન્સના કેટલા વર્ષ જુનાને યોગ્ય ગણ્યા હોય તેના વર્ષની માહિતીની નકલ (૩) ફીઝીકલ વીઝન તથા પ્રેકટીકલ ટેસ્ટના ગુણ કુલ કેટલા ગુણમાંથી આપવામાં આવ્યા હોય તે કુલ ગુણની નકલ (૪) ૧૦૨ ડ્રાઈવરોની પસંદગીમાં કેટલા ગુણની પ્રાપ્તિ કરી હોય તે ગુણ પ્રાપ્ત કર્યા અંગેની માહિતીની નકલ આપવા બાબતે ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૭૮૮ તા.૨–૧૨–૦૯ થી આપેલ માહિતી અપૂરતી, અયોગ્ય અને ગેરમાર્ગે દોરતી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૪–૧૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૦૮ તા.૧૪–૧૨–૦૯ થી ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (રીક્રુટમેન્ટ)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આ.નં.૮૩૨ તા.૨૩–૧૨–૦૯ થી નોંધ વિભાગ, સેન્ટ્રલઝોનનો તબદીલ પત્રની નકલ, મુળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૭૪૧ તા.૧૭–૧૧–૦૯ ના પત્રની નકલતથા નં.જીએડી/ઈએસટી/આર/૭૮૮ તા.૨–૧૨–૦૯ ના પત્રની નકલ, ૧૦૨ ડ્રાઈવરોના ઉમેદવારોના નામ અને લાયસન્સ નંબર દર્શાવતું પત્રક નં.૧ ની નકલ, ૧૦૨ ડ્રાઈવરોના ઉમેદવારોના સીરીયલ નંબર, નામ અને ટોટલ માર્કસની વિગત દર્શાવતું પત્રક–૨ ની નકલ, સુરત મહાનગરપાલિકાના સા.સ.ઠ. નં.૭૬/૯૯ તા.૧૯–૧–૯૯ ના ઠરાવની નકલ, તથા ઠરાવ નં.૧૫૪/૨૦૦૦ તા.૩૧–૩–૦૯ ના ઠરાવની નકલ અને ફી ભર્યાની વિગત અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૩–૧૧–૦૯ ની અરજીથી ઉપરોકત વિષય અને સંદર્ભ અનુસાર માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૭૪૧ તા.૧૭–૧૧–૦૯ થી ૧૦૨ ડ્રાઈવરોની પ્રતિક્ષાયાદીના માહિતીના પાના નંગ–૯ પ્રતિ પાના દીઠ ૨/– લેખે રૂા.૧૮/– જમાં કરાવી રીક્રુટમેન્ટ વિભાગમાંથી મેળવી લેવા જણાવવામાં આવેલ. જે અંગે અરજદારે તા.૨૫–૧૧–૦૯ ના રોજ રસીદ નં.૧૧૩૧૩૦ રૂા.૧૮/– ભરપાઈ કરી માહિતી મેળવેલ પત્રની નકલ અત્રે રજૂ કરેલ છે. તથા પત્ર નં. નં.જીએડી/ઈએસટી/આર/૭૮૮ તા.૨–૧૨–૦૯ ના પત્રથી અરજદારને મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.૧. આપના વિભાગે અનુભવના પ્રમાણપત્રની જગ્યાએ જે પણ લાયકાતને યોગ્ય ગણી હોય તે લાયકાતની માહિતીની નકલની માંગણી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ડ્રાઈવરની જગ્યા માટે જે લાયકાત નકકી કરવામાં આવેલ છે અને તે મુજબ પ્રતિક્ષાયાદી તૈયાર કરેલ છે. જે બાબતે ડ્રાઈવરની જાહેરાતની નકલ સામેલ છે તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં. (૨) ૧૦૨ ડ્રાઈવરોની પ્રતિક્ષાયાદીના ડ્રાઈવરોની મીનીમમ હેવી વ્હીકલ લાયસન્સના કેટલા વર્ષ જુનાને યોગ્ય ગણ્યા હોય તેના વર્ષની માહિતીની નકલની માંગણી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ૧૦૨ ડ્રાઈવરોના મીનીમમ હેવી વ્હીકલ લાયન્સ કેટલા વર્ષ જુનાને યોગ્ય ગણવામાં આવે છે તેની વિગત આ સાથે ૧૦૨ ડ્રાઈવરોના લાયસન્સની વિગત દર્શાવતું પત્રક–૧ સામેલ છે. તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. આપેલ પત્રમાં લાયસન્સનું વર્ષ જણાય છે. મુદ્દા નં.(૩) ફીઝીકલ વીઝન તથા પ્રેકટીકલ ટેસ્ટના ગુણ કુલ કેટલા ગુણમાંથી આપવામાં આવ્યા હોય તે કુલ ગુણની નકલની માંગણી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ફીઝીકલ, વીઝન તથા પ્રેકટીકલ ટસ્ટના ગુણ બાબતે જણાવવાનું કે સદર માહિતી સા.સ. ના ઠરાવ નં.૧૫૪ /૨૦૦૦ તા.૩૧–૩–૨૦૦૦ અન્વયે સદર માહિતી આપી શકાય તેમ નથી. (ઠરાવની નકલ) સામેલ છે. તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. (૪) ૧૦૨ ડ્રાઈવરોની પસંદગીમાં કેટલા ગુણની પ્રાપ્તિ કરી હોય તે ગુણ પ્રાપ્ત કર્યા અંગેની માહિતીની નકલની માંગણી બાબતે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી ૧૦૨ ડ્રાઈવરોની પસંદગીમાં કેટલા ગુણ

પ્રાપ્ત  કર્યા હોય તે ગુણ પ્રાપ્ત કર્યા અંગેનીમાહિતી દર્શાવતું પત્રક–૨ સામેલ છે  તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. આમ અરજદારને માંગ્યા મુજબની મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જે અંગે  અરજદારે  તા.૪–૧૨–૦૯ ના રોજ અપીલ અરજી કરી માંગેલ માહિતીની નકલો અપૂરતી અયોગ્ય અને ગેરમાર્ગે દોરતી હોવાનું જણાવે છે. જેમાં અનુભવની જગ્યાની લાયકાતની હેવી વ્હીકલ લાયસન્સના કેટલા વર્ષ જુના ગણતરીમાં લીધાની, ફીઝીકલ વીઝન અને પ્રેકટીકલ ટેસ્ટની વર્ગીકૃત ગુણની માહિતીની નકલો મેળવવા બાબત જણાવેલ છે.  વધુમાં અરજદારે અપીલ અરજીમાં સા.સ.ના ઠરાવ નં.૧૫૪/૨૦૦૦ તા.૩૧–૩–૨૦૦૦ નો છે તે સમયમાં સરકારી જાહેર માહિતી અધિકારી અધિનિયમ–૨૦૦૫ નો કાયદો અસ્તિત્વમાં ન હતાો અને હાલમાં આરટીઆઈ હેઠળ  માંગેલી માહિતી  પ્રતિબંધિત નથી. તેવું જણાવી ૧૦૨ ડ્રાઈવરોની પ્રતિક્ષાયાદીની પસંદગીમાં લાવવાના હેતુસર ફીઝીકલ,વીઝન અને પ્રેકટીકલ ટેસ્ટના ગુણની વર્ગીકૃત માહિતીની નકલની માંગણી કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારીએ સદર કાયદા હેઠળ તેમના તા.૨–૧૨–૦૯ ના પત્રથી જ સદર માહિતી આપી શકાય તેમ નથી  અને તે અંગે ઠરાવનો આધાર રજૂ કરી ઈન્કાર કરેલ છે.

આરટીઆઈ એકટની કલમ–૨૨ થી માહિતી અધિકાર અધિનિયમની  માહિતી આપવા અંગેની જોગવાઈઓ સરકારી ગોપનીયતા અધિનિયમ ૧૯૨૩ તથા વખતોવખતના અન્ય કાયદા પર પ્રભુત્વ ધરાવશે તેવી જોગવાઈ કરવામાં આવેલ છે જે ધ્યાને લેતાં મુદ્દા નં.૩ ની માહિતી કલમ–૮,૯ કે ૧૧ હેઠળના અપવાદ હેઠળ હોય તે સિવાય  આપવા પાત્ર થાય. જાહેર માહિતી અધિકારી ધ્વારા તેના ઈન્કાર માટે આરટીઆઈની નિર્દિષ્ટ કલમ હેઠળ કોઈ અપવાદ અન્વયે ઈન્કાર કરેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩–૧૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી  નહીં પૂરી પાડે મુદ્દા નં.૩ ની  દફતરી ઉપલબ્ધ માહિતી  આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (રીક્રૂટમેન્ટ)ને જણાવવામાં આવે છે.  તે સિવાયની હકીકતલક્ષી માહિતી અરજદારને પૂરી પડાયેલ હોઈ વિવાદને કોઈ સ્થાન નથી.

નં.આરટીઆઈસેલ/  
તારીખ :  –૧ –૧૦

**ડે.કમિશ્નર(જનરલ),**  
**અને એપેલેટ ઓફિસર**  
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (રીક્રૂટમેન્ટ) ..... જાણ તથા અમલ માટે  
(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર,